ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન" ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૯/૧૮-૧૯/ 3173 તારીખ : 16 JUL 2018

કેસ ન. ૫૯/૧૮-૧૯.

પ્રતિ,
ધાંધલ સંજયભાઈ કાળુભાઈ,
મુ.પો. શેખપી પરિયા
તા. : લાઠી.
જી. અમરેલી.
મો :

**વિષય** : ટ્રાન્સફોર્મરની ફેન્સીંગ કરવા બાબત.

**સંદર્ભ** : ૧) આપનો પત્ર તા : ૦૪.૦૬.૧૮.
૨) પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૧૩૧ તા. ૧૧.૦૬.૧૮.

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ- ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, અમરેલી-૧ .

........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

**નકલ રવાનાઃ-**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, અમરેલી.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, લાઠી.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

## ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૫૯/૧૮-૧૯ નો હુકમ

વાદી ની તા. ૦૪.૦૬.૧૮ ની રજૂઆત અન્વયે તેમની ફરિયાદનું નિવારણ કરવા જણાવવામાં આવેલ. વાદી **શ્રી ધાંધલ સંજયભાઈ કાળુભાઈ, ગામ લાઠી** દ્વારા તેમના વીજ કનેક્શનના ટ્રાન્સફોર્મરની ફેન્સીંગ કરવા તથા નડતરરૂપ ઝાડ ને કાપવાની બાબતે તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર નં બીઝેડ/ફોરમ/૫૯/૧૮-૧૯ /૨૮૫૭ તા.૨૭.૦૬.૧૮. થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવમાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને જરૂરી તપાસ કરી પ્રતિવાદીની લાઠી પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા વાદીની ફરિયાદને ધ્યાને લઇ જરૂરી કાર્યવાહી કરી નડતરરૂપ ઝાડની ડાળીઓ કાપી, ટ્રાન્સફોર્મર પર નવા ફ્યુઝ તથા ડીસ્ટ્રીબુશન બોક્ષ મૂકી આપેલ છે. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવમાં આવેલ છે.

આમ, પ્રતિવાદી દ્વારા કરવમાં આવેલ કાર્યવાહી તથા વાદી દ્વારા તેમની લેખિત પત્રથી પ્રતિવાદીને જણાવેલ છે કે તેઓની ફરિયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે તથા તે બાબત પ્રતિવાદી દ્વારા તેમના પત્ર નં ૫૯૦૦ તા. ૦૭.૦૭.૧૮ થી ફોરમને જણાવેલ છે અને આ રીતે સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી, આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ છતાં વાદીને સદર હુકમ સામે વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી. એચ. માવાણી)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર. વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :૧૩.૦૭.૧૮.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.